# સોનાના તોલાનો ભાવ એક લાખની આસપાસ પહોંચતાં તસ્કરો પણ સક્રિય

## પાલ ગૌરવ પથ પર નાઇટ વોક કરી રહેલા શેરના ધંધાર્થીની 2.36 લાખની સોનાની માળા તોડી લેવાઇ

**કેસ નંબર 1** સુરત: પાલ ગૌરવપથ પર રાત્રે નાઇટ વોક પર નીકળેલા વેપારીની પાછળથી બાઇક પર આવેલા બે શખ્સોએ રૂ.2.36 લાખની કિંમતની સોનાની માળા તોડી નાસી તા. 3 જુલાઇના રોજ રાત્રે વિપુલભાઇ નાઇટ વોક માટે નીકળ્યા હતા. રાત્રે સવા નવ વાગ્યાના અરસામાં તેઓ ગૌરવપથ રોડ પર સાંત્વન સર્કલ પાસેથી પસાર થતા હતા ત્યારે પાછળથી બાઇક પર આવેલા બે શખ્સોએ તેમના ગાળામાં પહેરેલી રૂ.2,36,000ની કિંમતની સોનાની માળા તોડી નાસી ગયો હતો.બનાવ અંગે વિપુલભાઇએ પાલ પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી.

## જગન્નાથ રથયાત્રાની ભીડમાં બે શ્રદ્ધાળુ મહિલાઓની ચેઇન તૂટી

**કેસ નંબર 2** સુરત: ઉધના દરવાજા ડીસીબી બેંકની પાસે સામે જાહેર રોડ ઉપર થી પસાર થઈ રહેલી ભગવાન જગન્નાથની રથ યાત્રામાં દર્શન કરવા માટે ઉભેલી અલગ-અલગ બે મહિલાઓના ગળામાંથી અજાણ્યો ઈસમ રૂપિયા 99 હજારની સોનાની ચેઈન ચોરી કરી નાસી છૂટ્યો હતો.

શહેરના સગરામપુરા સ્મિત કિન્નરી એપાર્ટમેન્ટની સામે આવેલા ઢબુવાલાની ગલીમાં 67 વર્ષીય નિવૃત હંસાબેન મુકેશભાઇ પ્રજાપતિ પરિવાર સાથે રહે છે.

ગઈ તારીખ 27 જૂનને અષાઢ સુદ બીજના શુભ દિવસે શહેરમાં ભગવાન જગન્નાથની રથયાત્રા નીકળી હતી. દરમિયાન ઉધના દરવાજા ડીસીબી બેંકની સામે જાહેર રોડ ઉપરથી ભગવાન જગન્નાથની રથ યાત્રા પસાર થઈ રહી હતી.

જેથી હજારોની જનમેદની વચ્ચે હંસાબેન તથા ચંપાબેન ધનસુખલાખ મિસ્ત્રી નામની બે મહિલાઓ દર્શન કરવા માટે ઉભા હતા.

તે વખતે અજાણ્યા ઈસમે ભીડભાડનો લાભ લઈ લાડબેન તથા ચંપાબેનના ગળા માંથી રૂ. 99 હજારની સોનાની ચેન ચોરી લીધી હતી.બનાવ અંગે હંસાબેનની ફરિયાદના આધારે ખટોદરા પોલીસે અજાણ્યા ઈસમ સામે ચોરીનો ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# માતા પાસે નિંદર માણી રહેલી બાળકીનું નરાધમે સ્કર્ટ કાઢી નાંખ્યું

**બાળકીએ** બૂમાબૂમ કરતાં વાસનાલોલૂપ યુવાન ભાગી છૂટ્યો

**પોલીસે** અજાણ્યા સામે અપહરણની કોશિશનો ગુનો નોંધ્યો

સુરતઃ શહેરના સિંગણપોર વિસ્તારમાં રામકથા રોડ ઉપર રાત્રિના સમયગાળા દરમિયાન અલગ અલગ પરિવારો ઝુંપડામાં સુતા હતા. ત્યારે કોઈ અજાણ્યો ઝૂંપડામાં ઘૂસી ગયો હતો અને માતાની બાજુમાં નિંદર માણી રહેલી સાત વર્ષની માસુમ બાળકીનું અપહરણની કોશિશ કરી હતી.

એટલું જ નહીં નરાધમે માસુમ બાળકી એ પહેરેલ સ્કર્ટ કાઢી નાખી તેની છેડતી કરી હતી. જેથી ભોગ બનનાર બાળકી જાગી જતા તેને સાંભળી યુવક ભાગી ગયો હોવાનો બનાવ પોલીસ ચોપડે નોંધાયો છે.

પોલીસ પાસેથી મળતી વિગતો મુજબ શહેરના સિંગણપુર રામકથા રોડ ઉપર આવેલી તાપી નદીના કિનારે પાડા ઉપર કેટલાક શ્રમજીવી લોકો ઝૂંપડા બાંધી વસવાટ કરે છે. ગત તા. 03 જુલાઈ 2025ની રાત્રે ઝૂંપડામાં શ્રમજીવી પરિવાર સૂતા હતા. ત્યારે 25 થી 35 વર્ષની ઉંમરનો એક અજાણ્યો યુવક અચાનક જ એક ઝૂંપડામાં ઘૂસી ગયો હતો.

દરમિયાન માસુમ બાળકી જાગી જતા તેને બૂમાબૂમ કરી હતી. બાળકી નો અવાજ આવતાની સાથે જ તેની માતા પણ જાગી ગઈ હતી. જેથી યુવક ભાગી ગયો હતો. બનાવ અંગેની જાણ સિંગણપોર પોલીસને જાણ કરતા પોલીસ ઘટના સ્થળે દોડી આવી હતી. હાલ પોલીસે માસુમ બાળકીની માતાની ફરિયાદ લઈ અજાણ્યા યુવક વિરુદ્ધ અપહરણની કોશિશ તથા છેડતીનો ગુનો દાખલ કરી તેની શોધખોળ હાથ ધરી છે.

### મને ફાવે તેમ મહિનાઓ સુધી બેરિકેડિંગ કરવાને બદલે

# કામગીરી કરવાની હોય તેના બે-ચાર દિવસ પહેલા જ મેટ્રો બેરિકેડિંગ કરે: સી.આર. પાટીલની તાકીદ

**ખાડીપૂરને** અટકાવવા માટે મળેલી બેઠકમાં કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી.આર. પાટીલે મેટ્રોના અધિકારીઓનો પણ ઉધડો લઈ નાંખ્યો

**મેટ્રોના** અધિકારીઓ સુરતને બાનમાં ના લે, કામગીરી કરતાં પહેલા મનપાને જાણ કરે અને કામની ઝડપ વધારેઃ પાટીલ

સુરતઃ સુરત શહેરને મેટ્રો રેલના અધિકારીઓએ જાણે બાનમાં લઈ લીધું છે. એક તરફ કામગીરી ચાલતી નહીં હોવા છતાં પણ મહિનાઓ સુધી બેરિકેડ રહેવા દેવામાં આવે છે. બીજી તરફ મનપાને પૂછ્યા વિના જ જ્યાં ઈચ્છા પડે ત્યાં ઓટલા બનાવવાથી માંડીને કામગીરી કરીને અડચણો ઊભી કરવામાં આવી રહી છે. મેટ્રો દ્વારા આડેધડ ખોદકામ અને બાદમાં ગટરમાં જ કન્સ્ટ્રક્શન વેસ્ટ વહાવી દેવાને કારણે ગટરો ચોકઅપ થઈ જતાં સુરતમાં વરસાદના પાણી ભરાઈ ગયા હતા. જેને પગલે આજે કેન્દ્રીય જળશક્તિ મંત્રી સીઆર પાટીલે મેટ્રોના અધિકારીઓને લોકોને મુશ્કેલી ન પડે તે માટે મહાનગરપાલિકાની મંજૂરી મેળવી કામો શરૂ કરવા તેમજ કામની ઝડપ વધારવા, કામ શરૂ થવાના ત્રણ-ચાર દિવસ પહેલા જ બેરિકેડિંગ કરવા માટે તાકીદ કરી હતી.

કેન્દ્રીય જળશક્તિ મંત્રી સીઆર પાટીલે આજે ખાડીપૂર અંગેની મળેલી બેઠકમાં મેટ્રોના અધિકારીઓને તાકીદ કરી હતી કે , મેટ્રો રેલના અધિકારીઓએ સુરત શહેરના લોકોનો પણ ખ્યાલ રાખવાનો રહે છે. મેટ્રો દ્વારા જ્યારે પણ ખોદકામ કરવાનું હોય ત્યારે મનપાની મંજૂરી લેવામાં આવે. ત્યારબાદ જ ખોદકામ કરવામાં આવે. જ્યારે કામગીરી કરવાની હોય તેના બે-ચાર દિવસ પહેલા જ બેરિકેડિંગ કરવામાં આવે અને કામગીરી પુરી થાય કે તુરંત તેને ખોલી નાખવામાં આવે. કન્સ્ટ્રકશન વેસ્ટનો પણ મેટ્રો દ્વારા યોગ્ય રીતે નિકાલ કરવામાં આવે. આ ઉપરાંત ખોટી રીતે ઊભી કરાયેલી અડચણો પણ દૂર કરવામાં આવે.

# 30 વર્ષ સુધી ભાજપ શાસકોની નિષ્ફળતાને કારણે સુરતમાં ખાડીપૂર

**કોઇ** નક્કર આયોજન નહીં થતાં પ્રજા ગંદા પાણીમાં રહેવા મજબૂર : પાયલ સાકરિયા

સુરતઃ શહેરમાં ચોમાસા દરમિયાન ખાડીપૂરને કારણે લોકોની હાલત કફોડી બની છે. ત્યારે આ મુદ્દે સુરત મહાનગરપાલિકાના વિપક્ષ નેતા પાયલ સાકરિયાએ ભાજપ શાસકો પર આકરા પ્રહારો કર્યા છે. તેમણે જણાવ્યું કે, છેલ્લા 30 વર્ષથી ભાજપનું શાસન હોવા છતાં ખાડીપૂર અટકાવવા કોઈ નક્કર આયોજન થયું નથી. ગેરકાયદે બાંધકામો અને ઝીંગા તળાવો જેવી નડતરરૂપ પ્રવૃત્તિઓને દૂર કરવામાં શાસકો નિષ્ફળ રહ્યા છે.

પાયલ સાકરિયાએ જણાવ્યું કે, દર વર્ષે વરસાદી પાણી અને ગટરનાં પાણી લોકોના ઘરોમાં ઘૂસે છે, જેનાથી ૫થી ૯ લાખ લોકો અસરગ્રસ્ત થાય છે. શહેરમાં ૫૩ કિલોમીટર લાંબી ખાડીઓ હોવા છતાં, તેના પાણીના નિકાલ માટે કોઈ યોગ્ય વ્યવસ્થા નથી. ખાડીના વહેણને અવરોધતા ગેરકાયદે બાંધકામો અને માર્કેટો સામે કાર્યવાહી ન થવાનો આક્ષેપ કરતાં તેમણે કહ્યું કે, આ બધું શાસકોની નિષ્ફળતા દર્શાવે છે. ખાસ કરીને, મીંઢોળા નદી પાસે ભાજપની મહેરબાની હેઠળ બનેલા ઝીંગા તળાવો હટાવવામાં પણ તંત્ર નિષ્ફળ રહ્યું છે.

વિપક્ષ નેતાએ ટીપી સ્કીમોના આયોજનમાં ખામીઓ દર્શાવતા જણાવ્યું કે ખાડીની અંદર ફાઈનલ પ્લોટ આપવામાં આવે છે, જે પૂરનું મુખ્ય કારણ બને છે. આમ આદમી પાર્ટીએ આ મુદ્દે વારંવાર રજૂઆત કરી હોવા છતાં, કોઈ નિરાકરણ નથી આવ્યું.

## સ્માર્ટ સિટીના રસ્તા પરથી પસાર થવા આવી કવાયત કરવી પડે છે




1 ટેમ્પો અને રિક્ષા ફ્લાય ઓવરની દીવાલની લગોલગ લઇ જવી પડે છે



2 બાળક પડી નહીં જાય તેનું માતાએ ધ્યાન રાખવું પડે છે



2 મોપેડ સીધુ ચલાવી શકાતું નથી

# અડાજણમાં બાઈક સાથેના અકસ્માતમાં ઈજાગ્રસ્ત ફૂડ ડિલિવરી આધેડનું મોત

**અડાજણમાં** ફૂડ ડિલિવરી કરી ઓલપાડ ઘરે પરત ફરી રહ્યા હતા ત્યારે કાળનો કોળિયો થઇ ગયા

સુરતઃ ઓલપાડ ખાતે રહેતા આધેડ અડાજણ એલ.પી. સવાણી સ્કૂલ પાસે બાઈક પર ફૂડ ડિલિવરી કરવા માટે ગયા હતા. દરમિયાન અજાણ્યા બાઈકચાલક સાથે તેમનો અકસ્માત થતા તેમનું સારવાર દરમિયાન મોત નિપજ્યું હતું. આધેડ ફૂડ ડિલિવરીની નોકરી કરી પરિવારનું ગુજરાન ચલાવતા હતા.

સિવિલ હોસ્પિટલ પાસેથી મળતી માહિતી મુજબ ઓલપાડના સિલ્વર પાર્ક શિવાન ગામ ખાતે રહેતા 50 વર્ષીય સ્નેહલકુમાર રામુ સુરતી ઓનલાઇન ફૂડ ડિલિવરીની નોકરી કરી પરિવારમાં પત્ની અને એક પુત્રીનું ગુજરાન ચલાવતા હતા. સ્નેહલકુમાર 21 જૂનની રોજ રાત્રે અડાજણ એલ.પી સવાણી સ્કૂલ પાસે ફૂડ ડિલિવરી કરવાં માટે ગયા હતા. ત્યાંથી તેઓ પરત ઘરે જઈ રહ્યા હતા. તે દરમિયાન અજાણ્યા બાઈકચાલક સાથે તેમની બાઈકનો અકસ્માત થયો હતો.

જેમાં તેમને ગંભીર ઈજા થતા સારવાર માટે ખાનગી હોસ્પિટલ બાદ નવી સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમિયાન સ્નેહલકુમારનું શુક્રવારે રાત્રે મોત નીપજ્યું હતું. પિતાના મોતથી એકની એક પુત્રીએ પિતાની છત્રછાયા ગુમાવી છે. આ અંગે વધુ તપાસ અડાજણ પોલીસ કરી રહી છે.

## ભટારમાં લગ્નના છ મહિનામાં જ યુવકે ફાંસો ખાઇ મોતને વહાલું કર્યું

સુરતઃ ભટાર ખાતે રહેતા યુવકે લગ્નના છ મહિનામાં જ આપઘાતનું અંતિમ પગલું ભરી લીધું હતું. મૂળ બિહારના વતની અને હાલમાં ભટાર વિસ્તારમાં આવેલા ખોડીયાર નગરમાં રહેતા 20 વર્ષીય નિરંજન મોતીલાલ દાસે છ મહિના પહેલા ગુડિયાકુમારી સાથે ભાગીને પ્રેમ લગ્ન કર્યા હતા. દરમિયાન દંપત્તિ વચ્ચે કોઈકને કોઈક બાબતે ઝઘડો થયા કરતો હતો. જોકે શુક્રવારે રાત્રે પણ નિરંજન નો ગુડિયાકુમારી સાથે કોઈક બાબતે ઝઘડો થયો હતો. જેથી કંટાળીને નિરંજને શુક્રવારે રાત્રે ગુડિયાકુમારીને ઘરની બહાર કાઢી ઘરની લોખંડની એંગલ સાથે વાયર બાંધી ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. હાલ તો પોલીસની પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે દંપત્તિ વચ્ચે કોઈકને કોઈક બાબતે ઝઘડો થતાં નિરંજને આપઘાતનું અંતિમ પગલું ભર્યું હોવાની શક્યતા છે. આ અંગે વધુ તપાસ ખટોદરા પોલીસ કરી રહી છે.

# ત્રણ દિવસ પહેલા તાવમાં પટકાયેલી ભેસ્તાનની વિદ્યાર્થિનીનું મોત

**શહેરમાં** માંદગીના ખપ્પરમાં વધુ બે હોમાયા

સુરતઃ સુરત શહેરમાં તાવની બીમારીમાં તરુણી સહિત બે લોકોના મોત નીપજ્યાં છે.

સ્મીમેર અને સિવિલ હોસ્પિટલ પાસેથી મળતી માહિતી મુજબ ભેસ્તાન આવાસમાં રહેતા યુસુફભાઈ શેખની 15 વર્ષીય પુત્રી રોઝીનાને બે ત્રણ દિવસથી તાવ આવી રહ્યો હતો.

જેથી પરિવારજનો ઘર નજીકના દવાખાને થી તેની સારવાર કરાવતા હતા. જોકે શુક્રવારે મોડી રાત્રે રોજીના ની તબિયત વધુ લથડતા પરિવારજનો તેને સારવાર માટે સ્મીમેર હોસ્પિટલમાં લઈ ગયા હતા.

જ્યાં ફરજ પરના તબીબે તેને મૃત જાહેર કરી હતી. વધુમાં રોજીના એ હાલમાં જ ધોરણ નવ ની પરીક્ષામાં પાસ કરી હતી અને હાલમાં તે ધોરણ 10 માં અભ્યાસ કરતી હતી. બીજા બનાવમાં અમરોલી ખાતે આવેલ કોસાડ આવાસમાં રહેતા 27 વર્ષીય દિપક સુરેન્દ્ર પગારે આઈસ્ક્રીમની દુકાનમાં કામ કરી પરિવારને આર્થિક રીતે મદદરૂપ થતો હતો. તેને શુક્રવારે બપોરે તાવ ાવ્યો હતો હતો.

દરમિયાન મોડી રાત્રે તેની તબિયત વધુ લથડતા તેને સારવાર માટે નવી સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જ્યાં ફરજ પરના તબીબે તેને મૃત જાહેર કર્યો હતો.

# ટ્રાફિક ચેકિંગમાં બાઇક ડિટેઇન કરી ત્યારે ખબર પડી નંબર પ્લેટ ખોટી છે

**બોગસ** નંબર પ્લેટ લગાડી ફરતા વાહનચાલક વિરુદ્ધ ફરિયાદ

સુરતઃ ટ્રાફિક પોલીસ દ્વારા સરથાણા કેનાલ રોડ પાસેથી ડિટેઇન કરવામાં આવેલી બાઇક પર બોગસ નંબર પ્લોટ લગાવી હોવાનું માલુમ પડ્યુ હતું. પોલીસે વાહન ચાલક સામે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

પોલીસ પાસેથી મળતી માહિતી મુજબ ગત.3 જુલાઇના રોજ ટ્રાફિક પોલીસ સરથાણા બાપાસીતારામ ચોકથી સીમાડા તરફના રોડ પર વાહન ચેકીંગ કરી રહી હતી.ત્યારે ત્યાંથી પસાર તથા બાઇક ચાલકને અટકાવીને તેની પાસે લાઇસન્સ માંગતા લાઇસન્સ ન હતું. તેમ જ બાઇકના ડોક્યુમેન્ટસ પણ ન હતા. જેથી પોલીસે તેને મેમો આપ્યો હતો.

મેમોમાં તેણ પોતાનુ નામ સાગર ગડુ ભુલડીયા (ઉવ.18, રહેત ખોલવડગામ કામરેજ) લખાવ્યું હતું. પોલીસે બાઇકને ડિટેઇન કરીને સરથાણા ટ્રાફિક ગોડાઉનમાં જમા કરી હતી.

જોકે, આ અંગે પોલીસે તપાસ કરતા બાઇક પર લગાવવામાં આવેલી નંબર પ્લેટ ખોટી હોવાનું માલુમ પડ્યું હતું. આ નંબર અન્ય મોપેડનો હતો. આ અંગે સરથાણા પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

# ઉધનાના પ્લેટફોર્મ ઉપર બાઈક હંકારનારો RPF જવાન ભેરવાયો

**RPF** પીઆઈએ ગંભીર નોંધ લઈ જવાનની ઓળખ કરી હેડક્વાટરમાં રિપોર્ટ કરતાં ટૂંકમાં જ કાર્યવાહીની સંભાવના

ગુજરાતમિત્ર ઈમ્પેક્ટ

સુરતઃ ઉધના રેલવે સ્ટેશનના પ્લેટફોર્મ નંબર-6 પર આરપીએફ (રેલવે પ્રોટેક્શન ફોર્સ)ના એક જવાન દ્વારા બાઈક ચલાવવાની ઘટના સામે આવી હતી, આ ઘટનાને લઈને ''ગુજરાતમિત્ર ન્યૂઝ પેપર''માં શુક્રવારે પ્રકાશિત થયેલા અહેવાલ બાદ આ વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો હતો. આરપીએફ પીઆઈએ આ મામલાને ગંભીરતાથી લઈને સંબંધિત જવાનની ઓળખ કરી અને તેની સામે હેડક્વાર્ટર્સમાં રિપોર્ટ કર્યો છે. આગામી દિવસોમાં જવાન સામે કાર્યવાહી થવાની સંભાવના છે.

આરપીએફ પીઆઈ સિસોદિયાએ જણાવ્યું કે, આરપીએફ જવાન નોકરીના કલાકો પૂર્ણ કરીને પ્લેટફોર્મ નંબર-6 પરથી પોતાના રૂમ (બેરેક) તરફ જઈ રહ્યો હતો. આ દરમિયાન તેણે બાઈકનો ઉપયોગ કર્યો હતો, જે રેલવેના નિયમોનું ઉલ્લંઘન માનવામાં આવે છે. આ ઘટના અંગે ગુજરાતમિત્રમાં અહેવાલ પ્રકાશિત થતાં જ આરપીએફ વિભાગે તાત્કાલિક પગલાં લીધાં અને જવાનની ઓળખ કરીને તેની સામે રિપોર્ટ દાખલ કર્યો છે. જેથી આગામી દિવસોમાં આ જવાન સામે કાર્યવાહી કરવામાં આવશે તેવી સંભાવના વ્યક્ત કરવામાં આવી રહી છે.

## ભેસ્તાનમાં રહેતા આધેડે નશાની હાલતમાં ઝેર ગટગટાવતાં મોત

સુરતઃ મૂળ મધ્ય પ્રદેશના વતની અને હાલમાં ભેસ્તાન ખાતે આવેલ રેશ્મા નગર ભીંડી બજાર માં રહેતા 49 વર્ષીય ધના લાલ ભાઈ કનૈયાલાલ પ્યાસે મોચી નું કામ કરી પરિવાર સાથે રહેતા હતા. તેમના પરિવારમાં પત્ની અને બે સંતાન છે. તેમણે ગઇ તારીખ 1 જુલાઈ ના રોજ સાંજે ઘરે ઝેરી દવા પી આપઘાત કરવાનો પ્રયાસ કર્યો હતો. જેથી પરિવારજનો તેમને સારવાર માટે ખાનગી હોસ્પિટલ બાદ નવી સિવિલ હોસ્પિટલમાં લઇ આવ્યા હતા. જ્યાં સારવાર દરમિયાન ધના લાલ ભાઈ નું શુક્રવારે રાત્રે મોત નીપજ્યું હતું. હાલ તો પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે ધના લાલ ભાઈએ આપઘાતનું પગલું નશાની હાલતમાં ભર્યું હોવાની શક્યતા છે. આ અંગે વધુ તપાસ ભેસ્તાન પોલીસ કરી રહી છે.

## બે મહિના પહેલા જ નોકરી પર રાખેલો યુવાન પીપલોદમાં કેફેમાંથી 85 હજાર ચોરી ગયો

સુરતઃ ભટાર અલથાણ ટેનામેન્ટની સામે આવેલી હરીહર પાર્ક સોસાયટીમાં રહેતા કુલદીપસિંહ ગજેન્દ્રસિંહ પીપલોદ કારગીલ ચોક ખાતે આવેલા વૈષ્ણોદેવી કોમ્પલેક્સમાં ડોન્સ કેફે ચલાવે છે. બે મહિના પહેલા તેમણે વેસુના સુમન સેલમાં રહેતા પ્રશાંત ઉર્ફે વિક્કી ગૌતમ નામના યુવકને નોકરી ઉપર રાખ્યો હતો. ગઇ તારીખ 01 જુલાઈ 2025ની રાત્રે તેણે કેફેના પાછળના દરવાજામાંથી પ્રવેશ કર્યો હતો. ત્યારબાદ દુકાનમાં રાખેલું 15 હજારની કિંમતનું ડિઝીટલ કાઉન્ટર ચોરી કરી લીધું હતું. જેમાં 5 હજારનનો એક મોબાઈલ ફોન તથા રોકડા રૂપીયા 65 હજાર મળી કુલ્લે રૂ.85,000/- ની ચોરી કરી નાસી છૂટ્યો હતો. આ બનાવની ફરિયાદ થતાં પોલીસે પ્રશાંત ગૌતમ સામે ગુનો નોંધી તપાસ શરૂ કરી હતી.

## પાલમાં અગમ્ય કારણોસર યુવકે આપઘાત કર્યો

સુરતઃ પાલ ખાતે રહેતા યુવકે નવી બંધાતી બિલ્ડિંગના પહેલા માળના રૂમના પંખા સાથે દુપટ્ટો બાંધી ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. પાલ ગૌરવ રોડ પાસે આવેલ નવી બંધાતી બિલ્ડિંગ શ્રી પદ ઇન્સ્પાયર બેઝમેન્ટમાં ઝૂંપડું બાંધીને રહેતા 30 વર્ષીય સિદ્ધાર્થ ભાઈ ભાગવત લહાસે પાણી છાંટવાનું કામ કરી કરતાં સિદ્ધાર્થ ભાઈએ શુક્રવારે બપોરે બિલ્ડિંગ ના પહેલા માળના રૂમના પંખા સાથે દુપટ્ટો બાંધી રહસ્યમય સંજોગોમાં ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. પિતાના મોતથી બે સંતાનોએ પિતાની છત્રછાયા ગુમાવી છે. આ અંગે વધુ તપાસ પાલ પોલીસ કરી રહી છે.

# ટોચની ગારમેન્ટ્સ બ્રાન્ડના માલિકોએ કહ્યું, સુરતમાં કોઈપણ બ્રાન્ડ નથી

**ભારતની** ટોચની બ્રાન્ડના માલિકો, અધિકારીઓ ગારમેન્ટ કોન્ક્લેવમાં જોડાયા

સુરત : સુરતના ડુમસ ખાતે આવેલા અવધ ઉટોપીયામાં સીએમએઆઈ દ્વારા ગારમેન્ટ કોન્ક્લેવનું વિશેષ આયોજન કરાયું હતું. ટોચની ગાર્મેન્ટ્સ બ્રાન્ડના માલિકોએ કહ્યું અને કાપડ સુરતથી ખરીદીએ છીએ, પણ સુરતની કોઈ બ્રાન્ડ નથી. સુરત શહેર વર્ષોથી ટેક્સટાઈલના હબ તરીકેની ખ્યાતિ ધરાવે છે. પરંતુ ગારમેન્ટ સેક્ટરમાં ક્યાંકને ક્યાંક પાછળ પડી રહ્યું હોવાથી સુરતને ગારમેન્ટ સેક્ટરમાં પણ વેગ મળે તેવાં આશય સાથે સીએમએઆઈ રા ગારમેન્ટ કોન્ક્લેવ અને ફેશનોવા-2025નું આયોજન કરવામાં આવ્યું હતું.




ગારમેન્ટ કોન્કલેવમાં પેન્ટાલૂનથી નમિત શ્રીવાસ્તવ, ફેશન ડિઝાઈનર નિવેદીતા શાહુ, પેપરમીંટથી સંતોષ કટારીયા, સોચથી મનોહર સેટલાની, ઝેડ-બ્લ્યુથી જીતેન્દ્ર ચૌહાણ, વેસ્ટ સાઈડથી દિપક અહૂજા, આદિત્ય બીરલા ફેશનથી મધુકર શર્મા આવ્યાં હતાં. આ તમામે નાના પાયાથી શરૂ કરી દેશની ટોપ બ્રાન્ડમાં ડંકો વગાડ્યો છે. આ તમામના દેશ વિદેશોમાં આઉટલેટ છે, એક્સપોર્ટ પણ કરે છે. આ તમામ લોકો સુરતથી કાપડ લઈ રહ્યાં છે અને તેના ગારમેન્ટ તૈયાર કરીને એક્સપોર્ટ કરી રહ્યાં છે. દરેક બ્રાન્ડ સુરતથી જ પોતાના કાપડની ખરીદી કરે છે. જેથી ગારમેન્ટ સેક્ટરમાં સફળ થવા માટે સુરતે ચોક્કસ સમયને પારખી લઈ, અદબ સાથે ગારમેન્ટમાં ઝંપલાવવું પડશે. કાર્યક્રમનો ઉદ્દેશ્ય હતો કે સુરતના વેપારીઓને કેવી રીતે સમજાવી શકાય કે તમે જે બનાવી રહ્યાં છે તેને સીધા તમે તેનું ગારમેન્ટીંગ કરીને બ્રાન્ડ તરીકે માર્કેટમાં પદાર્પણ કરી શકો છો, અને પોતાનો વેપાર વધારી મોટો નફો મેળવી શકો છો.

# નવી સિવિલ હોસ્પિટલથી 71મુ અંગદાન ત્રણ જરૂરિયાતમંદ દર્દીઓને નવજીવન મળશે

**નવસારીના** યુવાનનો ગાય સાથે અકસ્માત થતા ગંભીર રીતે ઘવાયો હતો

સુરતઃ નવસારી ખાતે રહેતો યુવક બાઇક પર કોઈક જગ્યાએ જઈ રહ્યો હતો. દરમિયાન ગાય સાથે તેની બાઈકનો અકસ્માત થયો હતો. જેથી ગંભીર ઈજાગ્રસ્ત હાલતમાં સારવાર માટે નવસારી ખાતે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. ત્યાંથી વધુ સારવાર માટે સુરત નવી સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે લઈ આવ્યા હતા. જ્યાં તબીબે તેને બ્રેઈનડેડ જાહેર કર્યો હતો. જેથી પરિવારજનોની સંમતિથી યુવકની બે કિડની અને લીવર અમદાવાદની હોસ્પિટલમાં લઈ જવાયા હતા.આકાશ ભાઈ રાઠોડની બે કિડની અને લીવરના દાનથી ત્રણ લોકોને જીવન મળશે.



નવી સિવિલ હોસ્પિટલ પાસેથી મળતી માહિતી મુજબ નવસારી ખાતે આવેલ ધામ ફળિયામાં રહેતા 29 વર્ષીય આકાશભાઈ ભગુભાઈ રાઠોડ 30 જૂનના રોજ નવસારી ખાતે કોઈક જગ્યાએ જઈ રહ્યા હતા.ત્યારે ગાય સાથે તેમની બાઇકનો અકસ્માત થયો હતો. જેથી તેમને ગંભીર ઈજાગ્રસ્ત હાલતમાં 108 દ્વારા સારવાર માટે નવસારી એમ.જી.જી જનરલ હોસ્પિટલમાં લઈ જવાયા હતા. ત્યાં સ્થિતિ ગંભીર હોવાથી સારવાર માટે 108 દ્વારા 30 જૂનના રોજ રાત્રે સુરત નવી સિવિલ હોસ્પિટલમાં લઈ જવાયા હતા. બાદમાં ઇમરજન્સી વોર્ડ અને ત્યારબાદ SICU માં શિફ્ટ કરવામાં આવ્યા. જ્યાં સારવાર દરમિયાન તબીબ દ્વારા 5 જુલાઇના રોજ શનિવારે તેમને બ્રેઈનડેડ જાહેર કરવામાં આવ્યા હતા. જેથી રાઠોડ પરિવારને સોટોની ટીમના ડો.નિલેશ કાછડીયા, RMO ડો.કેતન નાયક,ગુજરાત નર્સિંગ કાઉન્સીલના ઉપપ્રમુખ ઈકબાલ કડીવાલાએ અંગ દાનનું મહત્વ સમજાવ્યું. હતું. પરિવારજનોની સંમતી મળતા બે કિડની અને લીવરને અમદાવાદની ખાનગી હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યું હતું.આકાશ ભાઈ રાઠોડની બે કિડની અને લીવરના દાનથી ત્રણ લોકોને જીવન મળશે.